

ગુજરાત ઇતિહાસ કથામાળા

# શાંતિદાસ નગરશેઠ

કનૈયાલાલ જોશી

ગુજરાત ઇતિહાસકથામાળા

# શાંતિદાસ નગરશેઠ


લેખક :

**કનૈયાલાલ જોશી**



ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

# સંસ્કારસિંચન

પ્રતિભાઓની વિરલ ગાથાઓનું બીજું નામ ઈતિહાસ છે. બાળકોના જીવનઘડતરમાં આવી ગાથાઓ મહત્ત્વનો ફાળો આપે છે. સંસ્કારનું સિંચન આવી ગાથાઓ દ્વારા સુલભ બને છે, સંસ્કૃતિનો પરિચય સરળ બને છે.

ગુજરાતને પણ એની ગૌરવભરી ગાથાઓનો આગવો વારસો છે. આ સંસ્કારધનનો વારસો બાળકોને મળે એ હેતુથી આ કથામાળા તૈયાર કરવામાં આવી છે. આ કથામાળામાં કુલ બાર પુસ્તિકાઓનું પ્રકાશન કરવામાં આવ્યું છે. દરેક પુસ્તિકામાં ગુજરાતને ગૌરવ અર્પનાર પ્રતિભાવંત પાત્ર-પરિચયનું નિરૂપણ છે. આમાંનાં કેટલાંક પાત્રોની આસપાસ ઠીક ઠીક દંતકથાઓ રચાઈ છે. કેટલીક કિંવદંતીઓ ચમત્કારભરી પણ છે. અહીં બાળકોને પૌષ્ટિક વાચન મળે એવો ઉદ્દેશ રાખવાથી અદ્‌ભુત તત્ત્વોના નિરૂપણમાં વિવેક દર્શાવ્યો છે.

આશા છે કે આ કથામાળાની સઘળી પુસ્તિકાઓ બાળકોને સંસ્કારવાચન અર્પશે.

૩૭ બી, સૌજન્ય, વીરનગર સોસાયટી, **કનૈયાલાલ જોશી**
નવા વાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩

---

SHANTIDAS NAGARSHETH, a story book of Historical Character showing The Glory of Gujarat; by Kanaiyalal Joshi, First edition. 1995. Reprint 2003 Published by Gurjar Granth Ratna Karyalaya, Gandhi Road, Ahmedabad-380001, India. price Rs. 15.00

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પુનર્મુદ્રણ : ૨૦૦૧, ૨૦૦૩ **કિંમત : રૂ. ૧૫**

© પ્રકાશકના, પ્રકાશક : અમર ઠાકોરલાલ શાહ, **ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧ □ ટાઈપસેટિંગ : **શારદા મુદ્રણાલય**, જુમ્મા મસ્જિદ સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧ મુદ્રક : **ભગવતી ઑફસેટ**, ૧૫/સી, બંસીધર એસ્ટેટ, બંસીધર મિલકંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૪

## [૧]

માનવીની પેઠે ભૂમિને – નગરોને પણ ભાગ્ય હોય છે. મનુષ્યની પેઠે એને પણ જીવનમાં ધન્ય ક્ષણો આવે છે. નગર અમદાવાદ વિશે આ કથન સત્ય છે.

અમદાવાદ જે ભૂમિ ઉપર વસ્યું છે તેનું પ્રાચીન નામ શ્વભ્રદેશ છે. એને અડીને વહેતી સાબરમતી નદીનું ખરું નામ શ્વભ્રવતી છે. એ મૂળ નામ ભુલાઈ ગયું અને તેને સૌ સાભ્રમતી તરીકે ઓળખવા માંડ્યાં. શ્વભ્ર એટલે કોતર-વાંઘાં; સાબરમતીનું પ્રાચીન નામ કદાચ તેને કાંઠે આવેલાં કોતરોને કારણે હશે. પુરાણોમાં સાબરમતી નદીનું માહાત્મ્ય ઘણું વર્ણવ્યું છે. એને પુરાણોમાં 'કાશ્યપી ગંગા' કહી છે.

આ ભૂમિ ઉપર પ્રસિદ્ધ દધીચિ ઋષિનો આશ્રમ હતો. એમણે દેવો અને દાનવો વચ્ચે થતા સંગ્રામમાં દેવોને જય અપાવવા માટે પોતાનું શરીર ત્યજીને અસ્થિ આપ્યાં. આ અસ્થિમાંથી શસ્ત્રો બનાવીને દેવોએ દાનવો સામે તેમનો ઉપયોગ કર્યો. આવું છે ભવ્ય ઋષિ દધીચિનું બલિદાન.

અમદાવાદ કંઈ વેરાન ભૂમિ પર વસ્યું નથી. અહીં આશાવલ્લી-આશાવલ નામનું એક નગર તો હતું જ. આ નગર ક્યારે વસ્યું તે જાણવા મળતું નથી. પરંતુ

આજથી એક હજાર વર્ષ પહેલાં એ આબાદ હતું. ભીલોની ખાંટ શાખાના આશા નામના કોઈ રાજાના નામ ઉપરથી એનું નામ પડેલું છે. આશો કોઈ પ્રસિદ્ધ ભીલરાજ હતો. આશાવલના રાજાઓ આશાભીલ તરીકે જ ઓળખાતા.

ગુજરાતના રાજા સિદ્ધરાજના પિતા કર્ણદેવ સોલંકીએ લાટ જીતવા ચઢાઈ કરી હતી. તેમણે લશ્કર સાથે આશાવલમાં પડાવ કર્યો હતો. આ સ્થળ તેમને ગમી ગયું. તેમને પાટણ ખૂબ ખૂણામાં લાગ્યું. ગુજરાતની મધ્યમાં રાજધાની જેવું મહત્ત્વ ધરાવતા નગરની જરૂરિયાત લાગી. તેમણે અહીં નગર વસાવ્યું. નામ આપ્યું કર્ણાવતી.

કર્ણાવતીમાં ભવ્ય આવાસો હતા. કર્ણાવતીમાં રમ્ય મંદિરો હતાં, કર્ણાવતીમાં સુંદર બાગ-બગીચા હતા. કર્ણાવતીમાં મોટાં બજારો હતાં. કર્ણાવતીની જાહોજલાલી અપાર હતી.

પરંતુ ચૌદમી સદીના પ્રારંભમાં ગુજરાતમાં રજપૂત સત્તાનો અંત આવ્યો.

અને દિલ્હીના સુલતાનના સૂબાઓ પાટણમાં રહી વટીવટ કરવા લાગ્યા.

એ પછી, એક સદી પછી પાટણમાં ગુજરાતમાં સ્વતંત્ર મુસલમાન સલ્તનતની સ્થાપના થઈ.

પહેલો સુલતાન મુઝફ્ફરશાહ. તેનો પૌત્ર અહમદશાહ. તેને થયું કે રાજધાની તો મધ્યમાં જ હોવી જોઈએ.

સૌરાષ્ટ્ર તરફ જતો માર્ગ, દિલ્હી તરફ જતો માર્ગ, પ્રખ્યાત બંદર ખંભાત તરફ જતો માર્ગ, આ સઘળા માર્ગો મળે એવા કોઈ મધ્ય સ્થળે રાજધાની હોવી જોઈએ.

ઈ.સ. ૧૪૧૧ – હીજરી સન ૮૧૩માં, આશાવલની અડોઅડ, કંઈક ઉત્તર દિશામાં, અહમદશાહે સપાટ ભૂમિ પસંદ કરી. ત્યાં તેણે કિલ્લો બાંધ્યો. પોતાના નામથી એ સ્થળનું નામ અહમદાબાદ પાડ્યું.

નવા કિલ્લાનું નામ પાટણના કિલ્લાની પેઠે જ ભદ્ર રાખ્યું.

આશાવલના કેટલાક ભાગ આ નવા વસતા શહેરમાં મળી ગયા.

કિલ્લાની બહાર પૂર્વ તરફ થોડે છેટે અહમદશાહે ઈ.સ. ૧૪૧૨માં જુમા મસ્જિદનો પાયો નાખ્યો.

આશાવલનાં મકાનોની સામગ્રી આ નવું શહેર બાંધવામાં વપરાઈ.

ભદ્રના કિલ્લાનો પાયો, જેમણે એક પણ દિવસ પાડ્યા વગર પાંચે વખતની નમાઝ પઢી હોય અને પવિત્ર જીવન ગાળ્યું હોય એવા ચાર અહમદે નાખ્યો.

એમાંનો એક બાદશાહ અહમદશાહ પોતે હતો.

બીજા સરખેજના સુપ્રસિદ્ધ સંતશિરોમણિ અહમદ ખટ્ટુ ગંજબક્ષ હતા.

ત્રીજા મલિક અહમદ હતા, જેમની કબર કાલુપુર પાસે પઠાણવાડામાં છે.

અને ચોથા કાજી અહમદ હતા.

અહમદશાહે ભદ્રના કિલ્લા ને જુમા મસ્જિદની વચ્ચે ત્રણ દરવાજા બાંધ્યા.

આજે જેને કારંજ કહે છે તે, મેદાને શાહ નામનું ખુલ્લું ચોગાન રમત અને લશ્કરી ક્વાયત માટે રાખ્યું.

જુમા મસ્જિદની પૂર્વે પોતાને માટે દરગાહ અને બેગમો માટે પણ સુંદર રોજા બાંધ્યા.

આ રોજાઓની આસપાસ ભવ્ય ચોક – ખુલ્લું મેદાન, તેનું નામ માણેકચોક રાખ્યું. આ ચોકમાં ચારે બાજુ શહેરના મુખ્ય ધંધાઓની દુકાન થઈ, અને શહેરની વૃદ્ધિ થતી ગઈ તેમ માણેકચોકનું સ્થળ અમદાવાદનું મુખ્ય ચૌટું તથા વેપારનું કેન્દ્ર થઈ પડ્યું. સમય જતાં માણેકચોકની આસપાસ શહેરનો વિસ્તાર ખૂબ વધ્યો. અમદાવાદની નગરરચના પાટણ પ્રમાણે થઈ અને પાટણની પેઠે પોળો પણ અમદાવાદમાં વસી.

## [૨]

ઈ.સ. ૧૪૧૧માં અમદાવાદને રાજધાની બનાવીને ગુજરાતમાં સ્થાપેલી મુસલમાની સલ્તનતનો પણ આખરે અંત આવ્યો. ઉદય છે, અને અસ્ત પણ છે.

હા, કેલેન્ડરના ડટ્ટાનાં પાનાં ફાડવામાં આવે છે. કાળના કેલેન્ડરમાં પણ એ રીતે રાજાઓ, બાદશાહો કે શાસનકર્તાઓનાં શાસન બદલાતાં રહેતાં હોય છે.

કોને સ્મરવા અને કોને વિસ્મરવા?

હા, મેવાડ પર આ સલ્તનતના બાદશાહ બહાદુરશાહે ચઢાઈ કરી. ત્યારે મેવાડની મહારાણીએ દિલ્હીના બાદશાહ હુમાયુ પર રાખડી મોકલી.

રાખડી એટલે કાચા સૂતરના તાંતણે ભાઈ અને બહેનના પ્રેમનું બંધન!

બાદશાહ હુમાયુને મેવાડની મહારાણીને મદદમાં લશ્કર મોકલ્યું.

મેવાડનો વિજય, બહાદુરશાહનો પરાજય.

હુમાયુન ત્યારે મહેમાન બનીને મેવાડની મુલાકાતે આવ્યો હતો. એ સમયે તેમણે ગુજરાતની પણ ઊડતી મુલાકાત લીધી. પાટનગર અમદાવાદને પણ તેણે જોયું. અમદાવાદનાં વખાણ તેણે ઘણાં સાંભળ્યાં હતાં. અમદાવાદને નજરે નિહાળતાં તેને અમદાવાદની જાહોજલાલી મનમાં વસી ગઈ.

બસ, દિલ્હીના બાદશાહની દાઢ સળવળી. પછી તો અકબર દિલ્હીની ગાદી પર બેઠો.

ત્યારે અમદાવાદમાં સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજો રાજ્ય કરે. ઈ.સ. ૧૫૮૩થી માંડીને ૧૫૯૨ સુધીમાં નવ વર્ષના સમયમાં દિલ્હીનાં લશ્કરી ધાડાં અમદાવાદ

પર ઊમટે. જંગ ખેલાય. દિલ્હીની જીત થાય, એ પછી એકાદ વર્ષમાં ગુજરાતનો સુલતાન પાછો માથું ઊંચું કરે. વળી પાછું યુદ્ધ થાય. મુઝફ્ફરશાહ જીતે. ત્રણચાર મહિના તે રાજ કરે. વર્ષાઋતુમાં આકાશમાં વાદળો ઘેરાય તેમ દિલ્હીનું સૈન્ય પાછું અમદાવાદના સીમાડે ખડું થઈ જાય. યુદ્ધ રે યુદ્ધ! આમ, સાત તાલીની રમત માફક ત્રણચાર વખત યુદ્ધ થયાં. આખરે સુલતાન મુઝફ્ફરશાહનો પરાજય થયો. કારમો પરાજય. મુઝફ્ફરશાહ નાઠો. તે કચ્છમાં ગયો. ત્યાં તે સંતાયો.

ત્યારે ભારા નામના એક કચ્છી સરદારે તેને પકડ્યો. મોગલોને સોંપવા તે લઈને આવી રહ્યો હતો. ધ્રોલ નજીક આવતાં, સુલતાને અસ્તરા વડે પોતાનું ગળું કાપીને આપઘાત કર્યો.

દિલ્હીની સલ્તનત ત્યારે ગુજરાતમાં શાસન ચલાવવા સૂબાની નિમણૂક કરે.

બાદશાહ અકબરે સર્વપ્રથમ પોતાના દૂધભાઈ મિરઝા અઝીઝ કોકાને અમદાવાદના સૂબા તરીકે નિમણૂક કરી.

ત્યારે અમદાવાદ શહેરના માણેકચોકની દક્ષિણે એક જૈન મંદિર. નામ હતું ઉદયન જૈન મંદિર. કર્ણાવતીના મંત્રી ઉદા મહેતાએ એ મંદિર બંધાવ્યું હતું. ભવ્ય મંદિર હતું. સંગેમરમરના પથ્થરોથી બંધાયેલા આ મંદિરમાં મનને મુગ્ધ કરી મૂકે એવું શિલ્પ હતું.

આ મંદિરમાં સવારે સ્તંભ પાસે એક સોળ-સત્તર

વર્ષનો તરુણ ઓરસિયા પર કેસરને ઘસી રહ્યો હતો. ત્યાં અચાનક તેણે એક મહિલાને જોઈ. તે દર્શન કરીને જઈ રહી હતી. તે સુકોમળ હતી, નમણી હતી, રૂપવંતી હતી. તેના અંગ પર અત્યંત કીમતી વસ્ત્રો હતાં, સોહામણાં આભૂષણો હતાં. ચાલતાં ચાલતાં તેની કમરે બાંધેલો સોનાનો કંદોરો છૂટી ગયો, ધીમે ધીમે તે સરકવા માંડ્યો, આખરે તે નીચે સરી પડ્યો.

પેલા તરુણે એ કંદોરાને જોયો.

પેલી મહિલા તો ઝડપથી ચાલી ગઈ, તે પગથિયાં ઊતરી રહી હતી.

તરુણે સુખડ ઘસવાનું બંધ કર્યું. તે એકદમ ઊભો થયો. તેણે ઝડપથી ચાલવા માંડ્યું. તેણે પેલો કંદોરો લીધો.

પેલી મહિલા પાલખી સુધી પહોંચી ગઈ હતી. પાલખીમાં બેસવા તે નીચી નમી રહી હતી, ત્યાં તેણે અવાજ સાંભળ્યો :

'બહેન! ઊભાં રહો...!'

તેણે તરુણને પોતાની પાસે દોડતો આવતો જોયો. આવતાંની સાથે તરુણે તેની સામે હાથમાં રહેલો કંદોરો ધર્યો, ને કહ્યું : 'આ આપનો કંદોરો મંદિરના ચોકમાં સરી પડ્યો હતો!'

એ મહિલાએ તેના હાથમાંથી કંદોરો લીધો. તેણે પૂછ્યું : 'ભાઈ, તું કોણ છે?'

'મારું નામ શાંતિદાસ. હા, શાંતિદાસ મણિલાલ. આ મંદિરમાં રહું છું. મંદિરમાં નાનાંમોટાં કામો કરું છું.'

'શાંતિદાસ, આવતીકાલે સવારે મારો એક માણસ આવશે. તેની સાથે તમે મારા ઘરે પધારજો.'

સ્ત્રી પાલખીમાં બેસી ગઈ.

પાલખીના પડદાને નીચે ઢાળતાં પહેલાં ફરી તેણે યાદ આપી : 'જો જો, ક્યાંય જતા નહિ. કાલે સવારે તમારે મારે ઘરે આવવાનું છે.'

શાંતિદાસ વિચાર કરે, કોણ હશે એ મહિલા? જરૂર તે કોઈ શ્રીમંત ઘરની મહિલા હોવી જોઈએ.

એ હતી પદ્માવતી. શેઠ તેજેન્દ્રનાં પત્ની.

શેઠ તેજેન્દ્ર અત્યંત ધનિક. સુવર્ણ, રજત અને ઝવેરાતનો વેપાર તેઓ કરે. સમગ્ર ભારતમાં તેમની પ્રતિષ્ઠા.

સવારે શાંતિદાસ વહેલો તૈયાર થઈ ગયો. સવારે સૂરજનાં સોનેરી કિરણોથી મંદિરના કળશ ઝળહળી ઊઠ્યા. કોઈ એક અનુચરે પૂછ્યું : 'મારે શાંતિદાસને મળવું છે.'

'હું જ શાંતિદાસ છું.'

'મને શેઠ તેજેન્દ્રે મોકલ્યો છે. તમારે મારી સાથે તેમના ઘરે પધારવાનું છે.'

શાંતિદાસ આગંતુક માણસ સાથે ગયો.

થોડા સમયમાં તેઓ એક વિશાળ પ્રાસાદ આગળ આવ્યા.

પ્રાસાદના પ્રાંગણમાં બે રથ પડ્યા હતા. એક ગજરાજ સૂંઢને ઝુલાવતો ઊભો હતો. પ્રાસાદના દરવાજે બંને બાજુએ બે દરવાન ઊભા હતા. તેમણે અંગ પર સુભટનો પોશાક પહેર્યો હતો. તેમના એક હાથમાં ભાલો હતો. તેમની કમરે તલવાર લટકતી હતી.

શાંતિદાસે અનુચર સાથે પ્રાસાદમાં પ્રવેશ કર્યો.

પ્રાસાદની દીવાલોમાંથી કોઈ અદ્દ્ભુત પ્રકાશ પ્રસરતો હતો. સર્વત્ર મીઠી સુગંધ મઘમઘી રહી હતી. મંદ મંદ મધુર સંગીત રેલાઈ રહ્યું હતું.

ત્રણેક સુશોભિત ખંડો ઓળંગીને તેઓ એક રમ્ય



ખંડમાં આવ્યા, જ્યાં મનોહર મયૂરાસન પર શેઠ તેજેન્દ્ર બેઠા હતા. તેમણે આવકાર આપ્યો : 'પધારો...!'

શાંતિદાસ સ્તબ્ધ બનીને ઊભો રહ્યો.

શેઠ તેજેન્દ્રે કહ્યું : 'શાંતિદાસ, તારે હવે મંદિરમાં રહેવાનું નથી. આ પ્રાસાદમાં જ તારે માટે રહેવાની વ્યવસ્થા છે.'

શાંતિદાસને કશું જ સમજાયું નહિ.

શેઠે આગળ જણાવ્યું : 'તારે કાલથી મારી પેઢીએ બેસવાનું છે. મારી પેઢીએ ઝવેરાતનો વેપાર તારે સંભાળવાનો છે.'

શાંતિદાસને થયું, જાણે ભગવાન પ્રસન્ન થઈ રહ્યા છે! શું બોલવું એ તે નક્કી ના કરી શક્યો.

અચાનક તેણે સહેજ ઊંચે દૃષ્ટિ કરી.

એ વિશાળ ખંડમાંથી નિસરણી દ્વારા ઉપર જતાં, એક અટારી આવતી હતી. એ અટારીમાં ગઈ કાલે જે મહિલાને મંદિરમાં તેણે જોઈ હતી તે ત્યાં ઊભી હતી. હા, તે હતી પદ્માવતી. શેઠાણી પદ્માવતી. તે મરક મરક મલકી રહી હતી.

## [૩]

આ વાતને એકાદ વર્ષ થઈ ગયું. શેઠ તેજેન્દ્ર જે રથમાં પેઢીએ આવે, એ જ રથમાં તેની સાથે શાંતિદાસ

પણ આવે. થોડા સમયમાં તો તેને હીરાઓ પારખતાં આવડી ગયું. સાચા મોતીનાં મૂલ્ય નક્કી કરવાનું પણ તે શીખી ગયો.

દિલ્હીને માર્ગે જતાં આગ્રા પાસે એક ગામ, નામ હતું વેગા. વેગામાં એક ધનિક, નામ હતું શેઠ શોનક.

શેઠ શોનક પણ ઝવેરી. હીરા-મોતી અને સોના-રૂપાનો વેપાર કરે. અમદાવાદના શેઠ તેજેન્દ્ર સાથે ગાઢ સંબંધ. દિલ્હીના બજારમાંથી મોટા જથ્થામાં સોનારૂપા કે હીરામોતીની માગણી આવે તો શોનક શેઠ અમદાવાદથી તેજેન્દ્ર શેઠ પાસેથી માલ મંગાવે.

મેવાડમાં એક રાજ્ય, પચાસેક ગામ ધરાવતું રાજ્ય, જયઘોષા નામે રાજ્યનું પાટનગર, એટલે તે 'જયઘોષાનું રાજ્ય' તરીકે ઓળખાય.

જયઘોષાના રાજાનું નામ દુર્લભસિંહ. અત્યંત ધર્મિષ્ઠ રાજા.

નગરી જયઘોષામાં એક મંદિર, રાધાકૃષ્ણનું મંદિર.

રાજા દુર્લભસિંહ અને તેની રાણી દેવકલીને ઇચ્છા થઈ : મંદિરનાં દ્વાર રૂપાથી મઢવાં!

રાજાએ મંદિરના દ્વારને મઢવા જરૂરી રૂપા માટે ગામ વેગાના શેઠ શોનક ઝવેરી સાથે સોદો કર્યો.

આટલું બધું રૂપું લાવવું ક્યાંથી? શોનક ઝવેરીએ અમદાવાદમાં શેઠ તેજેન્દ્રને સંદેશો મોકલ્યો : એક સો મણ રૂપું મોકલો!

અમદાવાદથી આગ્રા જતો માર્ગ લાંબો. વિકટ માર્ગ. ચોર-લૂંટારુઓનો ભય. આટલા મોટા જથ્થામાં રૂપું પહોંચાડવું કેવી રીતે?

શાંતિદાસે રૂપું પહોંચાડવાનું કામ પોતાને માથે લીધું.

એક પરોઢીએ અમદાવાદની ઉત્તરે આવેલા દિલ્હી દરવાજામાંથી પાંચ ગાડાં બહાર નીકળ્યાં. દરેક ગાડામાં એક મોટો પટારો, સાગ-સીસમનો પટારો. પટારાની પાસે બબ્બે ચોકિયાતો બેઠા હતા. હાથમાં ઉઘાડી તલવાર રાખીને તેઓ બેઠા હતા. વળી દરેક ગાડાની બંને બાજુએ એક એક શસ્ત્રધારી ઘોડેસવાર.

હા, છેલ્લા ગાડામાં એક માણસ પોતાની પાઘડીનું ઓશીકું બનાવીને સૂતો હતો. એ હતો શાંતિદાસ.

પાંચ દિવસ સુધી તો ગાડાંઓ સહીસલામત જઈ રહ્યાં હતાં. ગામ વેગાએ પહોંચવામાં હવે એક જ દિવસ બાકી હતો.

હાંકનારા ડચકારા મારે, બળદનાં પૂંછડાં આંબળે, અલકમલકની વાતો કરે અને માર્ગ કપાતો હતો. ત્યાં સામેથી ધૂળના ગોટા દેખાયા. ધૂળની ડમરીઓ હડી કાઢતી આવી રહી હોય એવું લાગવા માંડ્યું. થોડી વારમાં તો દોડતાં ઘોડાંઓનાં પગલાં સંભળાઈ રહ્યાં.

અને પચીસેક ઘોડેસવારોએ ગાડાંઓને આંતરી લીધાં.

સરદાર શાંતિદાસ પાસે આવ્યો. તેણે હુકમ કર્યો : 'પટારાઓની કૂંચીઓ ક્યાં છે?'

'આ રહી...!' શાંતિદાસે પોતાના ડગલાના ખિસ્સામાંથી કૂંચીઓનો ઝૂડો આપ્યો.

સરદારે પહેલા ગાડાના પટારાને ઉઘાડ્યો.

અરે! પટારામાં કશું જ ન હતું! ખાલીખમ! એક પછી એક પાંચેપાંચ પટારાઓ ઉઘાડ્યા. પટારાઓમાં કંઈ ન હતું. તદ્દન ખાલી.

સરદાર ઘૂરક્યો : 'પટારાઓમાંથી રૂપું ક્યાં ગયું?'

શાંતિદાસે શાંતિથી જવાબ આપ્યો : 'પટારાઓમાં રૂપું જ ક્યાં હતું? અમે રૂપું લઈને જતા નથી, રૂપું લેવા જઈએ છીએ.'

સરદાર રાતોપીળો થઈ ગયો. તે ઊંચા અવાજે બોલી ઊઠ્યો : 'ગામ વેગાના શેઠ શોનક ઝવેરીને રૂપું આપવા જતાં આ ગાડાં નથી?'

'સરદાર, તમને ખોટા સમાચાર મળ્યા છે. અમે શેઠ શોનક ઝવેરી પાસેથી રૂપું લેવા જઈ રહ્યા છીએ.'

સરદાર ધૂંઆપૂંઆ થઈ ગયો. તેણે પોતાના માણસોને પાછા જવા સંકેત કર્યો.

લૂંટારાઓ ચાલ્યા ગયા.

વટેમાર્ગુના વેશમાં જુદા જુદા પંદરેક માણસો જુદા જુદા સમયે અમદાવાદથી નીકળ્યા હિતા. તેઓ પોતાની સાથે રૂપું લઈને નીકળ્યા હતા.

અંને રૂપું શેઠ શોનકને ઘરે પહોંચી પણ ગયું હતું.

# [૪]

શેઠ તેજેન્દ્રને એક પત્ર મળ્યો. પત્ર મોકલ્યો હતો શેઠ શોનકે. પત્રમાં શેઠ શોનકે શાંતિદાસનાં વખાણ કર્યાં હતાં.

એક દિવસે શેઠ તેજેન્દ્રે શાંતિદાસને પોતાની પાસે બોલાવ્યા. એ સમયે શેઠાણી પદ્માવતી પણ હાજર હતાં.

શેઠ તેજેન્દ્રે સર્વપ્રથમ શાંતિદાસની વફાદારી, નિષ્ઠા અને સાહસિકતા તથા હોશિયારીનાં વખાણ કર્યાં. એ પછી તેમણે ઇનામ તરીકે એક હીરાજડિત સોનાની મુદ્રા આપવા માંડી.

શાંતિદાસે મુદ્રાને શેઠના ચરણોમાં પાછી મૂકી દીધી.

શેઠને થયું, શાંતિદાસને ઇનામ ઓછું લાગે છે. તેથી તેમણે તેમને પેલી મુદ્રા ઉપરાંત સોનાનો હાર આપવા માંડ્યો.

હવે શાંતિદાસે કહ્યું : 'શેઠ, આપ મારે મન માત્ર મારા શેઠ નથી. આપ તો મારે માટે પિતાતુલ્ય છો. પુત્ર પિતા માટે કંઈ કરે એ તો તેની ફરજ છે. કરેલી ફરજના બદલામાં પુત્ર જો કોઈ ઇનામ લે તો તેની ફરજની કિંમત ઓછી થઈ જાય છે. નિષ્ઠા અને વફાદારીને કંઈ ધનથી મૂલવી ન શકાય.'

આ શબ્દો સાંભળતાં શેઠ ખુશ થઈ ગયા.

પરંતુ શેઠાણી પદ્માવતીએ તો તરત જ અનુચર પાસે પૂજાનો તાટ મંગાવ્યો.

પદ્માવતીએ શાંતિદાસના ભાલમાં કુમકુમનો ચાંદલો કર્યો. તેમણે **કહ્યું :**

**દાસ, તેં અમારા મનની જ વાત કહી છે. પ્રભુએ અમને અઢળક ધન આપ્યું છે. અનહદ વૈભવ આપ્યો છે. અપાર કીર્તિ આપી છે. માત્ર પ્રભુએ કંજૂસાઈ એક વાતની કરી છે. પ્રભુએ અમને કોઈ સંતાન આપ્યું નથી. એ દિવસે મંદિરમાં મેં તને જોયો, ને મારું મન પ્રભુની કૃપાથી આનંદિત બન્યું. પ્રભુએ તને અમને પુત્ર તરીકે આપ્યો. શાંતિદાસ, તું અમારો જ પુત્ર છે. અમે જે કંઈ પ્રાપ્ત કર્યું છે, અમારું જે કંઈ છે તે તારું જ છે.'**

થોડાક દિવસો પછી, ગુજરાતના પ્રજાજનોએ જાણ્યું : શેઠ તેજેન્દ્રે પોતાની સઘળી મિલકત શાંતિદાસને આપી દીધી. તેમણે દીક્ષા લીધી.

વળી પાછું સૌએ જાણ્યું : અમદાવાદમાં આવેલા જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર શેઠ શાંતિદાસ કરાવી રહ્યા છે.

શેઠ શાંતિદાસનાં લગ્ન થયાં. ધામધૂમથી લગ્ન થયાં. શેઠાણી પદ્માવતીએ જ શાંતિદાસ માટે પત્નીની શોધ કરી હતી.

પદ્માવતીનું મોસાળ જામનગરમાં. પોતાના મામાના

એક મિત્ર. તેમની દીકરી મલ્લિકા.

સરોવરમાં ખીલેલી પોયણી જેવી નમણી હતી મલ્લિકા. પૂનમની રાતે આકાશમાં ખીલી ઊઠેલી ચાંદની જેવી રૂપાળી હતી મલ્લિકા. મંદિરમાં પ્રસરેલી સુગંધ જેવી સંસ્કારી હતી મલ્લિકા.

પાલિતાણાની યાત્રાથી પાછાં આવતાં પદ્માવતી જામનગરમાં મામાના ઘરે રોકાઈ, એક જ દિવસ રોકાઈ, પરંતુ તેણે નિહાળી મલ્લિકાને. મલ્લિકાને જોતાં જ પદ્માવતી મુગ્ધ બની ગઈ. મામા દ્વારા મલ્લિકાની માગણી કરી.

મલ્લિકાનાં માતાપિતાને થયું, પોતાની દીકરીનાં ભાગ્ય ઊઘડી ગયાં.

લગનનું મુહૂર્ત નક્કી થયું. અમદાવાદના માર્ગોએ ભવ્ય વરઘોડો ફર્યો ધામધૂમથી લગ્ન થયાં. લગ્નપ્રસંગે દાન કર્યાં. શેઠ શાંતિદાસ, મલ્લિકા અને પદ્માવતી પોતાના ભવ્ય પ્રાસાદમાં રહે છે. પ્રભુ પ્રસન્ન થાય એ રીતે સઘળાં કામ તેઓ કરે છે. વેપારમાં પ્રામાણિકતા, વ્યવહારમાં પરોપકાર અને જાહેર કાર્યોમાં દાન. આમ, પાંચેક વર્ષો સપનાની પેઠે વીતી ગયાં.

ત્યારે અકબર, અકબરની બેગમ શમશાદ...

હા, ચિતોડના માનસિંહની વફાદારી અકબરને મળી ત્યારે માનસિંહે પોતાની બહેનને અકબર સાથે પરણાવી.

માનસિંહની બહેનનું નામ જયવંતી. અકબરના શાહી

જનાનાખાનામાં જયવંતી 'શમશાદ'ના નામે ઓળખાવા માંડી. બેગમ સાહેબા શમશાદ!

ત્યારે અકબર, બેગમ શમશાદ અને ત્રણ વર્ષનો શાહજાદો સલીમ અમદાવાદ આવ્યાં હતાં. ભદ્રના કિલ્લામાં તેમનો મુકામ હતો.

કોઈ એક દિવસે પાલખીમાં બેગમ શમશાદ અને શાહજાદો સલીમ સરખેજ જઈ રહ્યાં હતાં. તેમને સરખેજનું સરોવર જોવું હતું. તેમની સાથે રક્ષક તરીકે પાંચેક ઘોડેસવારો પણ હતા.

બેગમ શમશાદના રસાલા પાછળ બે અશ્વોથી જોતરેલી ગાડીમાં શેઠ શાંતિદાસ પણ જઈ રહ્યા હતા.

ત્યાં અચાનક વાહકોએ પાલખીને નીચે મૂકી દીધી.

શાંતિદાસને આશ્ચર્ય થયું. તેઓ ગાડીમાંથી નીચે ઊતરી ગયા. તેઓ પાલખી પાસે આવ્યા. તેમને જાણવા મળ્યું : પાલખીના ચાર વાહકો પૈકી એક વાહકનું આરોગ્ય અચાનક બગડ્યું. તેને ચક્કર આવી રહ્યા હતા. સહીસલામતી ખાતર તેણે સર્વને ત્યાં રોકાઈ જવા વિનંતી કરી. પાલખીને ધીમેથી જમીન પર મૂકી દેવામાં આવી.

ત્યારે બેગમ શમશાદના કાને એ શબ્દો પડ્યા :

'બહેન, આપને હું મારી ગાડી આપું છું. આપ તેનો ઉપયોગ કરો.'

બેગમ શમશાદને આ સઘળા શબ્દોમાંથી માત્ર એક જ શબ્દ સંભળાયો : 'બહેન...!'

બાદશાહ અકબરના શાહી જનાનાખાનામાં ઘણાબધા શબ્દો સંભળાતા હતા. માત્ર નહોતો સાંભળવા મળતો હતો શબ્દ : 'બહેન...!'

બેગમ શમશાદ શાંતિદાસ સામે અપલક આંખે જોઈ રહી.

શાંતિદાસે ફરી કહ્યું : 'બહેન, આપને જ્યાં જવું હોય ત્યાં મારી ગાડીમાં આપ જાવ.'

બેગમ શમશાદ પાલખીમાંથી બહાર નીકળી. તે ભૂલી ગઈ કે હું દિલ્હીના મહાન બાદશાહ અકબરની બેગમ છું! તેણે શાહી મરજાદાનાં બધાં બંધનો છોડી દીધાં. તેણે કહ્યું :

'ભાઈ, ક્યાં છે તમારી ગાડી? ચાલો, મારે સરખેજનું સરોવર જોવા જવું છે.'

શાંતિદાસે નાના શાહજાદા સામે હાથ ધર્યો. શાહજાદાએ શાંતિદાસના હાથની આંગળી પકડી લીધી.

એ એક દશ્ય હતું : આગળ શાંતિદાસ અને તેમની આંગળી પકડીને ત્રણ વર્ષનો શાહજાદો ચાલી રહ્યા હતા. તેમની પાછળ બેગમ સાહેબા શમશાદ ચાલી રહ્યાં હતાં.

અને પેલા રક્ષક ઘોડેસવારો ફાટી આંખે તેમને જોઈ રહ્યા હતા.

# [૫]

માણેકચોક મધ્યે આવેલી શેઠ શાંતિદાસની પેઢી સામે ત્રણ અશ્વો ઊભા રહ્યા. વીજળી જેવી સ્ફૂર્તિથી અસવારો અશ્વ પરથી નીચે કૂદી પડ્યા. તેમના પોશાક પરથી તેઓ કોઈ શાહી અમલદારો લાગતા હતા.

ઝડપથી તેમણે પગથિયાં ચડ્યાં, ને શેઠ શાંતિદાસ સામે તેઓ ઊભા રહ્યા. તેમણે પ્રથમ મુજરો કર્યો, પછી તેમનામાં જે નાયક હતો તેણે કહ્યું : 'અમે દિલ્હીથી આવીએ છીએ. વઝીરે આપના પર એક ખત મોકલ્યો છે.'

નાયકે શેઠ શાંતિદાસ સામે રૂપાની લાંબી ભૂંગળી ધરી.

શાંતિદાસે હળવેથી ભૂંગળીનું ઢાંકણું ઉઘાડ્યું. તેમાંથી ખતપટ્ટો બહાર કાઢ્યો. ખતપટ્ટો ઉકેલ્યો. શાંતિદાસનું મુખ ગંભીર બની ગયું.

શાંતિદાસે પોતાની પાસે કલમ, રુશનાઇ ને પત્ર મંગાવ્યાં. તેમણે પોતે જવાબ લખ્યો. બીજી એક સુંદર રૂપાની ભૂંગળીમાં ખત મૂક્યો, ને પેલા નાયકને તે આપ્યો. તેમણે કહ્યું : 'નામદાર વઝીરને મારો આ ખત આપશો.'

શેઠ ઘરે આવ્યા. શેઠાણી મલ્લિકાદેવીને અત્યંત ધીમા



અવાજે તેમણે કહ્યું :

'દિલ્હીનું તેડું આવ્યું છે.'

'દિલ્હીનું તેડું?'

'હા, દિલ્હીથી બાદશાહ અકબરનું તેડું!'

'શા માટે?'

'વેપારીને તેડું શા માટે હોઈ શકે?'

શેઠાણી મલ્લિકાદેવી વધુ ગંભીર બની ગયાં.

શેઠે સ્મિત કર્યું. તેમણે કહ્યું : 'બાદશાહ અકબરની શાહજાદીનાં લગ્ન છે. શાહજાદી માટે ઝવેરાત બાદશાહને ખરીદવું છે. વઝીરે ઝવેરાત લઈ મને દિલ્હી બોલાવ્યો છે.'

મલ્લિકાદેવીનો શ્વાસ હવે નીચે બેઠો.

આ પછી, વિશ્વાસુ સાતેક અંગરક્ષકો લઈને શાંતિદાસ શેઠે દિલ્હી તરફ પ્રસ્થાન કર્યું. તેમણે પોતાની પાસે કશું જ ન રાખ્યું. પેલા અંગરક્ષકોએ તેમના અંગ પર લોખંડનાં બખ્તરો પહેર્યાં હતાં. તેમના બખ્તર વચ્ચે પોલાણવાળી જગ્યાઓ બનાવીને સઘળું ઝવેરાત ત્યાં સંતાડ્યું. માર્ગમાં ચારેક જગ્યાએ લૂંટારાઓ મળ્યા. શાંતિદાસ પોતાનાં ખિસ્સાં અને ખભે ભરાવેલો થેલો તેમને બતાવે, તે તો હોય ખાલીખમ!

કોઈ એક લૂંટારાએ પૂછ્યું : 'તારી પાસે કોઈ કીમતી ચીજ કે દોલત નથી, તો પછી આ અંગરક્ષકોને સાથે શા માટે લીધા છે?'

શાંતિદાસે જવાબ આપ્યો : 'ભાઈ, ઝવેરાત કરતાં વધુ કીમતી માણસનો જીવ છે. જીવની રક્ષા કરવા માટે સાથે તો કોઈ હોવું જોઈએ ને?'

દસ દિવસની લાંબી મજલ કાપીને શાંતિદાસ દિલ્હી પહોંચ્યા.

બાદશાહ અકબરની મહેમાનગીરીમાં કંઈ ખામી હોય?

શાંતિદાસે બે દિવસ સુધી આરામ કર્યો. ત્રીજે દિવસે એક ભવ્ય ખંડમાં અકબર, બેગમ સાહેબા, શાહજાદી તથા બીજાં ચારપાંચ સ્ત્રી-પુરુષો ભેગાં થયાં હતાં.

કિનખાબનો ગાલીચો પાથર્યો હતો. ગાલીચા મધ્યે

શાંતિદાસ બેઠા હતા. તેમની ડાબી બાજુએ હાથીદાંતની સુંદર સંદૂકો પડી હતી, જમણી બાજુએ રૂપાના દાબડા પડ્યા હતા.

ગાલીચાની ફરતે જુદા જુદા સુંદર બાજઠ પર અકબર અને બીજાં બધાં બેઠાં હતાં.

શાંતિદાસે સર્વપ્રથમ એક દાબડો ઉઘાડ્યો. આંગળીઓ પર ધારણ કરવાની સુવર્ણ મુદ્રિકાઓ એ દાબડામાં હતી. કોઈ મુદ્રિકામાં સાચાં મોતી ઝળહળી રહ્યાં હતાં. કોઈ મુદ્રિકામાં કીમતી હીરા ઝગમગી રહ્યા હતા. શાહજાદી તો મુદ્રિકાઓ જોઈ આશ્ચર્યચકિત બની ગઈ. કઈ અને કેટલી મુદ્રિકાઓ પસંદ કરવી એ તે નક્કી ન કરી શકી. બેગમ સાહેબાના મનની પણ સ્થિતિ આવી હતી. આખરે દસ મુદ્રિકાઓ શાહજાદીએ પસંદ કરી, પાંચેક મુદ્રિકાઓ બેગમ સાહેબાએ લીધી.

આ પછી, પોતાના અંગરખાના ઝભ્ભામાંથી શાંતિદાસે નાની એક સોનાની દાબડી કાઢી. તેનું ઢાંકણું ઉઘાડ્યું. તેમાં રહેલી મુદ્રિકાને જોતાં જ સૌને અચરજ થયું. મુદ્રિકામાં એવું નંગ ઝળાંહળાં થાય કે આંખો અંજાઈ ગઈ. શાંતિદાસે મુદ્રિકા સાથે દાબડી અકબરના ચરણો આગળ ધરી દીધી. તે ધીમા સ્વરે એટલું બોલ્યો : 'જમાઈને આપવા માટે આ મુદ્રિકા છે.'

હવે શાંતિદાસે બીજા બે દાબડા ઉઘાડ્યા. તેમાં કાંડા પર પહેરવાની પહોંચીઓ હતી. હાથના પંજા પર

ધારણ કરવાની કલ્લિકા હતી. વચ્ચે રંગબેરંગી નંગોથી ઓપતું ફૂલ જેવું ગોળ ચકતું ને તેને બાંધેલી નમણી વેલ જેવી સોનાની નાજુક સાંકળીઓ! શાહજાદી પાસે બંને હાથ લંબાવડાવી શાંતિદાસે તેના પંજાઓને કલ્લિકાથી શણગારી દીધા.

આ પછી ઉઘાડવામાં આવેલા દાબડામાં લટકણિયાં હતાં. નાકમાં પહેરવાની નંગવાળી નથણીઓ અને વાળીઓ હતી. કેશ સાથે ગૂંથવાની દામણી હતી, બોર હતાં.

શાંતિદાસે પોતાના ખભે ખેસ સરખો કર્યો. તેમણે પેલી હાથીદાંતની કલાત્મક સંદૂક ઉઘાડી. શાહજાદી સામે તે ધરી. શાહજાદી તો એકદમ અવાક બની ગઈ. એ સંદૂકમાં કંચનમાળા હતી, સાત સેરવાળી માળા. માળાની દરેક સેરમાં સરખે અંતરે સોનાના મણકા.

શાંતિદાસે એ સંદૂક બેગમ સાહેબાને આપી.

બેગમ સાહેબાએ તો શાહજાદીની ગ્રીવામાં કંચનમાળા પહેરાવી દીધી.

શાંતિદાસે બીજી સંદૂક ઉઘાડી. તેમાં હતો સુવર્ણહાર. સુવર્ણહારના ચકતામાં નંગ એવી રીતે મઢ્યાં હતાં, કે તેમના ઝગમગાટથી લાગે કે ચકતામાં તેજવર્તુલો ચકર ચકર ઘૂમી રહ્યાં છે! શાહજાદીની નવાઈનો કોઈ પાર નથી.

વળી પાછી એક ઓર સંદૂક ઉઘાડી. તેમાં પણ એક હાર. કેવળ મોતીઓને ગૂંથીને બનાવેલો હાર.

છેલ્લે બાકી રહી માત્ર એક સંદૂક. શાંતિદાસે તે ઉઘાડી નહિ. તેણે તે અકબરના હાથમાં મૂકી. તેણે કહ્યું :

'જહાંપનાહ! આ સંદૂકમાં માત્ર કંગન છે. બધાં મળીને દસ કંગન છે. દરેક કંગન પર નાજુક નકશી છે. નકશીમાં કોતરી છે ફૂલવેલની ભાત! અમારા ગુજરાતની આ અદ્‌ભુત કારીગીરી છે!'

અકબરે સંદૂક ઉઘાડી. ભૂરા રંગની મખમલી ગાદી પર બે હારમાં દસેદસ કંગન ગોઠવ્યાં હતાં. અકબરના મુખમાંથી શબ્દો સરી પડ્યા : 'વાહ! અદ્‌ભુત!'

હવે અકબરે પૂછ્યું : 'ઝવેરી, તમારાં સઘળાં ઘરેણાં અમે રાખી દઈએ છીએ. બોલો, દામ શા લેશો?'

શાંતિદાસે જણાવ્યું : 'જહાંપનાહ, સાસરવાસાની તે કિંમત હોય?'

'સાસરવાસો?' નવાઈ પામતો અકબર બોલ્યો.

શાંતિદાસ શેઠ બાદશાહની મૂંઝવણ જોતાં હસ્યો. તે બોલ્યો :

'જહાંપનાહ, આપને નવાઈ લાગવાનું કંઈ કારણ નથી. બેગમ સાહેબા મારાં બહેન છે. મારાં બહેનની દીકરીનાં લગ્નમાં મારે મોસાળું કરવું જ જોઈએ ને!'

## [૬]

અમદાવાદમાં જુમા મસ્જિદની સામે એક હવેલી.

રાત્રીનો પ્રથમ પ્રહર પૂરો થાય, અને એ હવેલીમાંથી જુદાં જુદાં વાજિંત્રોના મધુર સૂર વહે. એ સાથે ઝાંઝરના ઝણકાર પણ રેલાય.

એ હતી પાનકુંવરની હવેલી. બે માળની હવેલી! સફેદ આરસના પથ્થરો વડે બનાવેલી હવેલી. હવેલીને ફરતે નાનો અમથો કોટ. કોટને ઝાંપો. ઝાંપાની બંને બાજુએ ભાલો તથા તલવાર લઈને ચોકીદારો ઊભા રહે.

કોઈને જાણ ન હતી, પાનકુંવર ક્યાંની રહેવાસી હતી. કોઈ કહે તે મેવાડનું કોઈ રજવાડું છોડીને અમદાવાદ આવી હતી, કોઈ કહે તે મથુરા-વૃંદાવનની વતની હતી. ઘણાંબધાં એવું કહેતાં કે તે પ્રભાસ પાટણના સોમનાથ-મંદિરની નર્તકી હતી.

પરંતુ એટલું ચોક્કસ હતું, તે અત્યંત સ્વરૂપવાન હતી, તે ઘણી સુકોમળ હતી. તેના રૂપ આગળ ઈંદ્રની અપ્સરા પણ ઝાંખી પડે.

તેની અંગુલીઓમાં અજબ જાદુ હતો. સિતારના તારને જ્યાં તેની અંગુલીઓ સ્પર્શે કે મનને મુગ્ધ કરે એવા ઝંકાર જાગે.

તેના પગમાં વીજળીનો વાસ હતો. તે પગમાં ઝાંઝર બાંધે, ને પછી તેમાંથી ઝંકારનો દરિયો છલકે.

તેના કંઠમાં અદ્ભુત મોહિની હતી. બધાં કહે, તેના કંઠમાં કોયલનો માળો હતો. સાંભળતાં ભાન ભૂલી જવાય એવું મધુર તે ગાતી હતી.

રાત્રીનો પહેલો પ્રહર પૂરો થવામાં વધુ સમય બાકી ન હોય, ત્યારે તેના રંગભવનમાં દસેક પુરુષો મખમલી ગાદી પર બેઠા બેઠા તેની રાહ જોઈ રહ્યા હોય. પરિચારિકાઓ પાનનાં બીડાં આપી તેમને સન્માને. તેઓ સોનારૂપાના કટોરામાં તેમને પીવા મીઠા આસવ આપે. સાજ વગાડનારા ઉસ્તાદો તેની રાહ જોઈ રહ્યા હોય. ત્યાં હાજર રહેલા બધા માણસો કલ્પના કરે, આજે પાનકુંવરે કેવા સિંગાર સજ્યા હશે? તે કૃષ્ણની રાધિકા બનીને આવશે કે સ્વર્ગની મેનકા બનીને આવશે? ક્યારેક તે વસંત બનીને પધારે, તો ક્યારેક શરદ ઋતુની પૂર્ણિમા બનીને પણ સર્વને અચરજ પમાડે.

આખરે સર્વની આતુરતાનો અંત આવે. ઝાંઝર ઝણકે ઝનનન...!

ઉસ્તાદના હાથમાં વીજળી જાગે ને તબલાં તાલ દેતાં બની જાય : તાક્ ધીન...ધીન...ધીન...!

ઝરણું ઝમકે એમ સિતારના તારમાંથી ઝંકાર જાગે...!

આષાઢ માસની વાદળી વરસે એમ વાંસળીમાંથી સૂરાવલિ વહેવા માંડે...!

અને પછી વાદળમાં વીજળી ચમકે એમ પેલા રેશમી પડદા પાછળથી પાનકુંવર સરકે, એ સાથે જ સમગ્ર ચોકમાં નૂપુર-ઝણકારનું સરોવર છલકાવા માંડે!

રાત્રીનો બીજો પ્રહર પૂરો થાય ત્યાં સુધી નૃત્ય અને સંગીત ચાલે.

અને પછી પાનકુંવર પેલા પડદા પાછળ અદૃશ્ય થઈ જાય.

ધીમે ધીમે બધા વિદાય થાય.

પરંતુ પેલા ચોકમાં રહે વેરાયેલા સિક્કા અને સોનામહોરો!

✷

એક સવારે પાનકુંવરની હવેલી આગળ એક ઘોડેસવાર આવ્યો, ને ઠેકડો મારીને તે ઘોડા પરથી નીચે ઊતર્યો. તેણે દરવાનને જણાવ્યું : 'હું સારંગ મલિકનો સરદાર છું. સારંગ મલિકનો સંદેશો લઈને આવ્યો છું. મારે નર્તકી પાનકુંવરને મળવું છે!'

'પાનકુંવરને અત્યારે મળી નહિ શકાય.'

'કેમ?'

'પાનકુંવર અત્યારે પૂજાપાઠ કરે છે.'

'તેથી શું? સારંગ મલિકનો સંદેશો કંઈ સાંભળી ન શકાય?'

'દીવાનખંડમાં તમારે રાહ જોવી પડશે.'

'કંઈ વાંધો નહિ.'

સારંગ મલિકના સરદારને એક અનુચર દીવાનખંડમાં લઈ ગયો.

પરિચારિકાએ તેનું સ્વાગત કર્યું.

એ પછી, સરદારને ખૂબ રાહ જોવી પડી. તેની ધીરજ ખૂટી. તે બૂમ પાડી ઊઠ્યો :

'હું ક્યાં સુધી બેસી રહું?'

ખંડમાં માત્ર પરિચારિકા. તે શો જવાબ આપે?

સરદારે કહ્યું : 'હું અહીં બેસી રહેવા આવ્યો નથી.'

કોઈ જવાબ નહિ.

સરદાર બૂમ પાડી ઊઠ્યો : 'આ મારું અપમાન છે!'

ત્યાં તરત જ પડદો ખસ્યો. પાનકુંવર દ્વાર મધ્યે આવીને ઊભો રહી. તેણે કહ્યું : 'સરદાર, આ જંગલ નથી. આ મારું સદન છે. અહીં ઊંચા સાદે બોલવું એ અવિવેક છે.'

સરદાર બોલી ઊઠ્યો : 'મને સારંગ મલિકે મોકલ્યો છે.'

'બોલો, સારંગ મલિક તો અમદાવાદના કોટવાલ છે. તેમણે પોતાના સરદારને વિવેક શીખવ્યો નથી?'

'પાનકુંવર, સારંગ મલિકના દીકરાનાં લગ્ન છે. તારે લગ્નપ્રસંગે નૃત્ય કરવા આવવાનું છે.'

'સરદાર, કોટવાલ સારંગ મલિકને જણાવશો કે

પાનકુંવર માત્ર પોતાના સદનમાં જ નૃત્ય કરે છે, હું મારા સદનની બહાર કદી નીકળતી નથી!'

'એટલે કોટવાલના આમંત્રણનો અસ્વીકાર?'

'કોટવાલજીને મારું નૃત્ય નીરખવું હોય તો તેમને મારા સદને પધારવા હું આમંત્રણ આપું છું. મારું આ આમંત્રણ તેમને જણાવશો.'

સરદાર ધૂંઆપૂંઆ થઈને ત્યાંથી વિદાય થયો.

પાનકુંવર ઘડીભર એને એ જ સ્થળે મૂર્તિ માફક ઊભી રહી. પછી તે પ્રભુમંદિરવાળા ઓરડામાં ગઈ. પ્રભુમૂર્તિ સન્મુખ તે બેઠી. તેણે હાથમાં સિતાર લીધી. સિતારના તાર પર પોતાની અંગુલિઓ ગોઠવી.

પણ અંગુલિઓ અચેતન રહી.

સિતારમાંથી ઝંકાર ના જાગ્યો.

પાનકુંવર ક્યાંય સુધી ત્યાં સૂનમૂન બેઠી રહી.

પાનકુંવરના મનમાં એકસાથે ઘણા વિચારો સમુદ્રની ભરતી માફક જાગ્યા હતા.

આખરે તે ઊભી થઈ. તેણે અત્યંત સાદાં વસ્ત્રો સજ્યાં. તેણે અનુચરને આજ્ઞા કરી : 'પાલખી તૈયાર કરો. મારે અત્યારે બહાર જવું છે!'

✵

શેઠ શાંતિદાસના પ્રાસાદ આગળ એક પાલખી ખડી રહી.

વાહકોએ ધીમેથી પાલખીને નીચે ગોઠવી.

પાલખીના પડદા ખસેડીને એક યુવતી બહાર નીકળી. દ્વારપાળને જણાવ્યું : 'શેઠને કહો તમારી બહેન તમને મળવા આવી છે.'

થોડી વારમાં અનુચર પેલી યુવતીને શેઠ શાંતિદાસ પાસે લઈ ગયો. તેમણે કહ્યું : 'ભાઈ તેની બહેનનું સ્વાગત કરે છે. બહેન, આ આસન પર બેસો. બહેન જે કહેશે એ આ ભાઈ સાંભળશે.'

'હું પાનકુંવર, નર્તકી પાનકુંવર...!' પાનકુંવરની આંખો અશ્રુભીની બની.

શાંતિદાસે શેઠાણી મલ્લિકાદેવીને બોલાવ્યાં.

મલ્લિકાદેવીએ પોતે પાનકુંવરને પાણી પીવડાવ્યું.

પાનકુંવર સ્વસ્થ બની. તેણે સારંગ મલિકવાળી બધી વાત કહી. પછી તેણે જણાવ્યું : 'હું નર્તકી છું. પરંતુ મારું નૃત્ય કંઈ હાટડીએ વેચવા માટે નથી. નૃત્ય એ મારી પૂજા છે?'

પાનકુંવરના મનમાં ભય જાગ્યો હતો. કોટવાલ સારંગ મલિક પોતાના માણસો મારફત હેરાનગતિ કરાવે.

શાંતિદાસે સીધો પ્રશ્ન પૂછ્યો : 'હવે પછી તમે શું કરવા માગો છો?'

'નગર અમદાવાદ છોડીને ચાલ્યા જવા હું ઈચ્છું છું. આજે જ, વિલંબ કર્યા વિના મારે નીકળી જવું છે.'

શાંતિદાસ માત્ર આટલું બોલ્યા : 'પાનકુંવર...!'

પાનકુંવરે જણાવ્યું : 'શેઠ, સારંગ મલિક કોટવાલ છે. તેની પાસે સુભટો છે. તે ગમે તે સમયે મારી હવેલીએ સુભટોને મોકલી શકે છે. અપમાનનો બદલો લેવામાં તે સમજે છે.'

આ પછી પાનકુંવરે મનની વાત કહી દીધી :

'શેઠ, હું અમદાવાદ બહાર સહીસલામત નીકળી જઉં એ માટે મારે આપની મદદ નથી જોઈતી. મને સાવચેતી સાથે સહીસલામત રીતે અમદાવાદ બહાર નીકળી જતાં આવડે છે. પરંતુ હું એક બીજા કામ માટે આપની મદદ માગું છું.'

'મારી મદદ? કયા કામ માટે?'

'મારી એક વિશ્વાસુ દાસી. હા, તેનું નામ છે



શલાકા. મધ્યાહ્નને સમયે તે આપને મારું ધન, મારાં આભૂષણો, મારું ઝવેરાત... આ સઘળું આપી જશે. મને વિશ્વાસ છે, કોઈ શુભ કામમાં, કોઈ ધાર્મિક કામમાં તમે મારી આ સઘળી સંપત્તિ વાપરશો.'

આટલું કહ્યા પછી, પાનકુંવર ઊભી થઈ, નીચી નમીને તેણે શેઠ શાંતિદાસની ચરણરજ લીધી, અને વીજળીની ઝડપથી તેણે ત્યાંથી ચાલવા માંડ્યું.

✳

પાનકુંવરની દાસી શલાકા બપોર પછી ત્રણેક વખત શેઠ શાંતિદાસના ઘરે આવી. દરેક વખત તે બેત્રણ પોટલાઓ આપી ગઈ.

જેટલી સંપત્તિ પાનકુંવર તરફથી મળી, એથી બેઘણી બીજી સંપત્તિ ઉમેરીને શેઠ શાંતિદાસે અમદાવાદમાં ત્રણ મંદિરો બંધાવ્યાં, તેમાંય ચિંતામણિના મંદિરનું સ્થાપત્ય અને શિલ્પ જોવા તો દૂર દૂરના દેશોથી યાત્રિકો આવતા હતા.

અમદાવાદમાં ગાંધીરોડ પર ઓળખાતું 'પાનકોર નાકા' નામનું સ્થળ નર્તકી પાનકુંવરની પ્રખ્યાતિનું પ્રમાણ છે.

## [૭]

અમદાવાદના બજારમાં શેઠ બલભદ્રનું માન પ્રખ્યાત.

શેઠ બલભદ્રની માલિકીનાં ચાર ચાર વહાણ. પ્રભાસ પાટણથી માંડી ઠેઠ દક્ષિણ ભારતનાં જુદાં જુદાં બંદરો સુધી બલભદ્રનાં વહાણો સફર કરે. આ સર્વમાં બલભદ્રનાં વહાણોનું મુખ્ય મથક ખંભાત. ખંભાતમાં શેઠ બલભદ્રની મોટી વેપારી કોઠી.

શેઠ બલભદ્રની નેતાગીરીવાળી બે વણઝારો ફરે.

એક વણઝાર સૌરાષ્ટ્રનાં ગામડાંઓમાં ફરે, બીજી વણઝાર કચ્છનાં ગામડાંઓમાં ભમે. દરેક વણઝારમાં દસબાર ગાડાં તથા વીસેક ઊંટો રહે. માલની હેરફેર માટે ગાડાં અને ઊંટ ઉપયોગી હતાં. જુદા જુદા ગામે વણઝાર મુકામ કરે. તંબુઓ બાંધવામાં આવે. કાપડ, અનાજ, સોનું-ચાંદી ઝવેરાતની તથા તેજાના અને ઘરવખરીની ચીજવસ્તુઓની દુકાનો મંડાય. તેમાં ય રેશમી કાપડ માટે તો આ વણઝારની નામના હતી.

કાળની ગતિને કોણ કળી શક્યું છે? શેઠ બલભદ્રના ભાગ્યચક્રની ગતિ પલટાઈ.

શેઠનું એક વહાણ ચાંચિયાઓએ લૂંટ્યું.

મલબારથી માલ ભરીને આવતું બીજું એક વહાણ દરિયાના તોફાનમાં ફસાયું. તેણે લીધી જળસમાધિ.

ત્રીજું વહાણ કચ્છ જતાં દરિયામાં ડૂબ્યું.

ચોથા વહાણ વિશે તો અફસોસ જ કરવો પડે. વહાણના ખલાસીઓ વચ્ચે વિખવાદ થયો. વિખવાદ કંઈ બજારમાંથી વેચાતો ઓછો મળે? વહાણમાં વેપારીઓનો માલ ઘણો કીમતી હતો. ઝવેરાત અને સોનું! દાનત બગડી. દરિયા વચ્ચે વહાણ ચાલે, વહાણમાં ખલાસીઓએ તલવારો, ભાલાઓ, પરશુઓ... હથિયારોનો ઉપયોગ કરવા માંડ્યો. કોઈ એક ખલાસીને એવી કુમતિ સૂઝી કે તેણે વહાણનો કૂવાથંભ ભાંગ્યો. બીજા ખલાસીએ વળી સુકાનના કર્યા કકડા. વહાણના સઢના તો ચીરેચીરા થઈ ગયા. વહાણના પાટિયામાં બાકોરાં કોણે પાડ્યાં એ તો ઉપરવાળો જાણે પણ વહાણ બધા ખલાસીઓને લઈને ડૂબ્યું! કુસંપનાં ફળ કેવાં હોય?

દરિયામાં વહાણોના હાલ આવા થયા, ત્યારે પેલી વણઝારોની પાયમાલી વિશે તો કંઈ કહેવા જેવું જ નથી. સૌરાષ્ટ્રમાં ધાડપાડુઓએ શેઠની એક વણઝારને લૂંટી તો લીધી, પણ વણઝારના માણસોને લોહીલુહાણ કરી નાખ્યા.

કચ્છમાં ફરતી વણઝારમાં વળી સરદારનું એકાએક અવસાન થયું. બધાંનું એવું કહેવું હતું કે વણઝારના જ કોઈ આદમીએ સરદારનું ખૂન કર્યું. વણઝાર વિખેરાઈ ગઈ.

આ સઘળું ત્રણચાર મહિનામાં થઈ ગયું. મુશ્કેલી

આવે છે ત્યારે તે કટક બનીને તૂટી પડે છે.

વાગ્યા પર પાટુ! એ કહેવત મુજબ શેઠ બલભદ્રની અમદાવાદવાળી પેઢી પર થયો તકાદો. નગરના જે જે માણસોએ પોતાના પૈસા પેઢીએ અમાનત તરીકે મૂક્યા હતા, તેઓ એકસાથે પોતાની થાપણ પાછી લેવા દોડી આવ્યા.

શેઠ બલભદ્ર તો ઘરબહાર નીકળે જ નહિ. તેને લાગ્યું કે જીવવા કરતાં મરી જવું સારું.

એ આખી રાત શેઠ બલભદ્ર ઊંઘ્યા નહિ.

આખરે તેમણે દૂધથી કટોરો ભર્યો. કટોરાના દૂધમાં ઝેર ભેળવ્યું. દૂધના કટોરાને હાથમાં લઈ ગટગટાવતાં પહેલાં તેઓ ક્યાંય સુધી સૂનમૂન બેસી રહ્યા. જીવન અને મૃત્યુ વચ્ચે તેઓ ઘડીઓની ગણતરી કરી રહ્યા હતા.

ત્યાં તેમણે પગલાં સાંભળ્યાં.

અરે! બારણાં શું ઉઘાડાં હતાં?

હા, બારણાં ઉઘાડાં જ હતાં. બારણાં બંધ કરવા જેવું ક્યાં કશું રહ્યું હતું?

તો શું ઘરમાં નોકર-ચાકર ન હતા?

ના, નોકર-ચાકરને તો શેઠે રજા આપી દીધી હતી.

શેઠાણીને તો બે સંતાનો સાથે પિયર મોકલી દીધાં હતાં.

દુ:ખમાં ભાગીદાર થઈ શકે એવા કોઈ માણસને

શેઠે પોતાની પાસે રાખ્યો ન હતો.

શા માટે રાખે?

શેઠે પોતાનો મારગ નક્કી કરી દીધો હતો.

અને મંદ મંદ પગલાં સંભળાઈ રહ્યાં.

શાલ ઓઢીને એ વ્યક્તિ શેઠના ઓરડામાં આવી. તેણે કહ્યું :

'શેઠ બલભદ્ર...!'

બલભદ્રે દૃષ્ટિ કરી. આવનાર વ્યક્તિને તેમણે ઓળખી. તેઓ આશ્ચર્ય સાથે બોલી ઊઠ્યા :

'શેઠ શાંતિદાસ, આવી મધરાતે તમે અત્યારે મારે ઘરે?'

'હા, આ મધરાતે હું તમારે ઘરે આવ્યો છું. હું જાણું છું, મધરાતે જ તમને ઝેર પીવાનું સૂઝે. શેઠ બલભદ્ર, તમને નથી લાગતું કે હું સમયસર આવી પહોંચ્યો છું. તમારી સન્મુખ શાનો કટોરો છે?'

શેઠ બલભદ્ર ચૂપ રહ્યા. તેમની આંખમાંથી સાત સાત પાતાળનાં પાણી વહી રહ્યાં હતાં.

શાંતિદાસે કહ્યું : 'બલભદ્ર, આપઘાત કરવો એ તો કાયરતા છે. પોતાના પુરુષાર્થ પર જેને વિશ્વાસ નથી તે આપઘાત કરવાનું વિચારે.'

'પણ શેઠ, હું તો અત્યારે મૃત્યુ પામેલો જ છું. જેનું મરણ થયું, તે વળી પુરુષાર્થ શું કરી શકે?'

'અહીં જ તમારી ભૂલ થાય છે. જીવનમાં આંધી

આવે, વંટોળ ચગે, તોફાન જાગે. તેથી શું હિમ્મત હારી જવું? હા, ઝૂકી જવાનું. ટટ્ટાર રહીએ તો તૂટી જઈએ. આંધી અને તોફાન કંઈ કાયમ રહેતાં નથી. વંટોળ શમી જાય એટલે તરત જ ઊભા થવાનું!'

બલભદ્ર ઘડીભર કશું જ બોલી ન શક્યા. થોડીક ક્ષણો પસાર થઈ, ને તેમણે કહેવા માંડ્યું : 'શેઠ, મારી પાસે એવું કશું જ નથી જેને હવે હું મારું કહી શકું.'

'છે, શેઠ! તમારી પાસે છે.'

'શું છે?'

'મૈત્રી...!' શાંતિદાસ બોલી ઊઠ્યા. તેઓ બલભદ્રના મુખને અપલક આંખે જોઈ રહ્યા. તેમણે જણાવ્યું : 'શેઠ, વિપત્તિમાં મદદ કરે એ જ સાચો મિત્ર.'

હૃદયના ઊંડાણમાંથી શબ્દો નીકળતા હોય એમ બલભદ્રે પૂછ્યું : 'શેઠ, તમે મને મદદ કરશો?'

'હું જે કંઈ કરું તે મદદ નહિ, ધર્મ છે, મિત્રધર્મ!'

'વાતાવરણમાં થોડી વાર સુધી પાછી શાંતિ છવાઈ રહી.

'શેઠ, કાલે સવારે પેઠી ઉઘાડીને ગાદી પર બેસજો. વેપાર ખેડવા તમને પૈસા મળી રહેશે.'

'પરંતુ...પરંતુ...' બલભદ્ર કંઈ બોલે ત્યાં વચ્ચે જ શાંતિદાસે કહ્યું : 'તમારે કેટલા રૂપિયા જોઈએ છે? લાખ, દોઢ લાખ, બે લાખ...! શેઠ, હું રૂપિયા લઈને જ અહીં આવ્યો છું.'

શાંતિદાસે ઓઢેલી શાલ હેઠળથી બે હાથ બહાર કાઢ્યા. બંને હાથમાં નાણાંકોથળીઓ હતી. તેમણે કહ્યું : 'અત્યારે એક લાખ રૂપિયા મારી પાસે છે. તે હું તમને આપું છું. કાલે સવારે બીજા બે લાખ તમને મળી જશે. અને...' શાંતિદાસ બોલતાં અટકી ગયા. તેમણે હાથમાં રહેલી નાણાંકોથળીઓ નીચે મૂકી દીધી. બલભદ્રના ખભે હાથ મૂકી તેમણે જણાવ્યું : 'બલભદ્ર, મેં તમને નાણાં આપ્યાં છે એ વાત આપણે બે જ જાણીએ. આપણા મુનીમોને પણ આ વાતની જાણ થવી ના જોઈએ.'

શાંતિદાસે પેલા કટોરામાં રહેલા દૂધને બારી બહાર ઢોળી દીધું.

હવે તો અમદાવાદના બજારમાં વેપારીઓ માટે આશ્ચર્ય હતું; તેઓ છાની છાની વાતો કરે. 'બલભદ્ર આટલા બધા રૂપિયા લાવ્યો ક્યાંથી?'

મહિનામાં તો બલભદ્રની પેઢી ગાજતી થઈ ગઈ.

છ મહિના પસાર થયા, ને કચ્છના વહાણવાડામાંથી એક સાથે નવાં બે વહાણ બલભદ્રે ખરીદ્યાં.

શેઠાણીએ શેઠને સલાહ આપી : 'આપણે વણઝારો ચલાવવી નથી. પારકા કંઈ કમાઈને ના આપે. આપણા પોતાના બાવડાના બળે જે પુરુષાર્થ થઈ શકે એ જ સાચો.'

શેઠાણીની સલાહ શેઠે માની લીધી.

આમ, એકાદ વર્ષ પસાર થઈ ગયું.

બલભદ્ર વિચારે, એક ગોઝારું સ્વપ્નું આવ્યું ને વીતી પણ ગયું...!'

દિવાળીના દીવડા ઝગમગ્યા. બેસતા વર્ષના દિવસે નવા ચોપડામાં સાથિયા દોરીને તેમની પૂજા કરી. લાભ પાંચમને દિવસે સવારે બલભદ્ર શેઠ શાંતિદાસને ઘરે ગયા. વેપાર વિશે થોડીક વાતો કરી, ને પછી હાથમાં રાખેલા ખલતામાંથી એક પછી એક પાંચ નાણાંકોથળીઓને કાઢીને તેમણે શેઠ શાંતિદાસની આગળ મૂકી. તેમણે કહ્યું :

'શેઠ, તમે મને જે નાણાં ધીર્યાં હતાં તે પાછાં આપું છું.'

'મેં કંઈ પાછાં લેવા માટે તમને નાણાં આપ્યાં ન હતાં. શેઠ, આ નાણાં તમે પાછાં લઈ જાવ.'

'એવું ન બને.'

બે શેઠિયાઓ વચ્ચે જબરી રકઝક ચાલી. આખરે તેઓ એક બાબતમાં સહમત થયા. એ સઘળાં નાણાંનો ઉપયોગ પાલિતાણા જતા માર્ગે વાવ તથા ધર્મશાળાઓને બનાવવામાં વાપરવા.

શેઠ બલભદ્ર પોતાને ઘરે ગયા. માથા પરથી પાઘડી ઉતારીને શેઠાણીને આપતાં તેમણે કહ્યું :

'શેઠાણી, હું મંદિરમાં જઈને રોજ પ્રભુનાં દર્શન કરું છું. પરંતુ પ્રભુ તો શેઠ શાંતિદાસના હૃદયમાં જ

વસે છે. મને શાંતિદાસમાં પ્રભુનો સાક્ષાત્કાર થયો.'

ઈશ્વરનાં દર્શન આંખથી નથી થતાં, ઈશ્વરને શરીર નથી, તેથી તેનાં દર્શન શ્રદ્ધાથી થાય છે.

## [૮]

હા, હવે દિલ્હીના તખ્ત પર હતો બાદશાહ જહાંગીર.

ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફરશાહના પુત્ર બહાદુરશાહે અમદાવાદમાં બળવો કર્યો.

બળવાને તો ત્વરાથી દબાવી દેવામાં આવ્યો. પણ... આ મોજીલો બાદશાહ અમદાવાદની મુલાકાતે આવ્યો. શહેરમાં પ્રવેશવા માટે જે દિવસ નક્કી કર્યો હતો એના કરતાં બે દિવસ વહેલો તે આવ્યો એટલે કાંકરિયા તળાવ પાસે બાદશાહનો પડાવ રાખ્યો.

બે દિવસ પછી, નક્કી કરેલા સમયે હાથી ઉપર બેસી રસ્તામાં રૂપિયા વેરતાં જહાંગીરે ભદ્રના કિલ્લામાં પ્રવેશ કર્યો.

એ સમયે ધૂળવાળા રસ્તા, પાતળા થાંભલાવાળી દુકાનો અને વળી શહેરમાં ત્રણ દરવાજાવાળા મુખ્ય રસ્તા ઉપરની દુકાનો પણ શહેરને શોભાવે નહિ એવી જોઈને બાદશાહને અમદાવાદ પસંદ ન આવ્યું. જહાંગીરને અમદાવાદ ન ગમવાથી તેણે આગ્રા પાછા જવાનો

નિશ્ચય કર્યો. અમદાવાદનો ઉનાળો આ સહેલાણી બાદશાહને બહુ વસમો પડ્યો. એક પ્રસંગે ઉશ્કેરાઈને તે બોલી ઊઠ્યો :

'આ શહેરના સ્થાપકને આ જગ્યામાં એવું તે શું સૌન્દર્ય દેખાયું કે અહીં શહેર વસાવ્યું? અહીં પવન ગરમ છે, ધૂળ પુષ્કળ છે, કૂવાનાં પાણી ખારાં છે, તળાવો ધોબીઓએ સાબુવાળાં કરી મૂક્યાં છે, શહેર બહાર થોરિયાના કાંટાથી જમીન છવાયેલી છે, ટાંકાનું પાણી શહેર બગાડે છે. આ શહેર તો ગર્દાબાદ (ધૂળિયું) છે, હવે હું એને શમુમિસ્તાન (ગરમ પવનવાળું) કે બીમારિસ્તાન, કે ઝકુમદાર (કાંટાવાળું) કે જહન્નમાબાદ (નરક) કહું છું!'

શેઠ શાંતિદાસને બાદશાહ જહાંગીરના ઉશ્કેરાટના સમાચાર મળ્યા. તેઓ જહાંગીરને મળ્યા. જહાંગીર અમદાવાદમાં રોકાઈ જાય એવા કાર્યક્રમો તેમણે ગોઠવવા માંડ્યા.

ત્યાં પાછો વરસાદ વેરી બન્યો. ધોધમાર વરસાદ! સતત પાંચ દિવસો સુધી વરસાદની હેલી! બધે જળબંબાકાર!

આખરે વરસાદે ખમા કરી.

અને દસેક દિવસો પછી જહાંગીરે આગ્રા જવા ફરમાન કર્યું.

આગ્રા તરફ બાદશાહના રસાલાને નીકળવાનાં

પ્રભાતની આગલી રાતે સમાચાર મળ્યા : 'દિલ્હીથી બેગમ નૂરજહાં પધારી રહ્યાં છે!'

જહાંગીરના આશ્ચર્યનો કોઈ પાર નહિ. એ તો નૂરજહાંએ જણાવ્યું કે અમદાવાદ આવવા માટે નિમંત્રણ શેઠ શાંતિદાસે આપ્યું હતું.

બાદશાહ જહાંગીરના મામા તરીકે શેઠ શાંતિદાસે શાહી સંબંધ બાંધ્યો હતો, પછી તેમના સંદેશાને કોણ ન માને?

શેઠ શાંતિદાસે બાદશાહને જણાવ્યું : 'છેલ્લાં ઘણાં વર્ષોથી અમદાવાદ યુદ્ધોનું ભોગ બનતું આવ્યું છે. યુદ્ધોને લીધે અમદાવાદની આબાદી ઘટી. યુદ્ધોને કારણે અમદાવાદની શોભા નષ્ટ થઈ.' તેમણે બાદશાહને અમદાવાદની રોનક ફરી પાછી વધારવા સલાહ આપી.

સર્વપ્રથમ ભદ્રના કિલ્લાની મરામત કરવામાં આવી. આ મહેલને એક એવો ઝરૂખો બનાવ્યો, જ્યાં જહાંગીર નિયમિત બેસે, ને તે જાહેરમાં ન્યાય આપે.

અમદાવાદની બીજી ઈમારતોનું સમારકામ પણ કરવામાં આવ્યું.

અમદાવાદના રસ્તાઓને વિશાળ બનાવવામાં આવ્યા.

અમદાવાદમાં કલાત્મક દરવાજાઓ રચવામાં આવ્યા.

અમદાવાદમાં જુદાં જુદાં સ્થળોએ બગીચા બનાવ્યા, બગીચામાં ફુવારાઓની રચના કરી.

જાણો છો? 'કારંજ'નો શો અર્થ થાય? 'કારંજ'

એટલે ફુવારો. ભદ્રના કિલ્લા સામે એવો ફુવારો હતો જેમાંથી ઘણી ઊંચે સુધી જુદા જુદા રંગોવાળી પાણીની ધારાઓ ઊડતી હતી.

સાબરમતીના કિનારે એક આલીશાન મહેલ બાંધવામાં આવ્યો. આ મહેલની ફરતે રમ્ય ઉદ્યાન.

જહાંગીર અને બેગમ નૂરજહાંએ તો બાદશાહી જીવનનાં સઘળાં બંધનો છોડીને સામાન્ય માણસ માફક મોજ માણવા માંડી. અમદાવાદ અને અમદાવાદની આસપાસનાં સ્થળોએ તેમણે ગાડામાં બેસીને ફરવા માંડ્યું. કોઈ કોઈ પ્રસંગે જહાંગીર પોતે ગાડું હાંકે.

શાહીબાગની પાસેના રુસ્તમ બાગથી સાબરમતીના પ્રવાહમાં વહાણમાં બેસીને ભદ્ર સુધી જળવિહાર પણ કર્યો.

જહાંગીરે અમદાવાદમાં એક ટંકશાળા શરૂ કરી. તે કાળુપુરમાં હતી. તેમાં સિક્કા પડાવ્યા. આ સિક્કા પર આવા શબ્દો કોતરેલા હતા : 'રાજ્યના તેરમા વર્ષમાં જહાંગીરની સ્ત્રી નૂરજહાં અમદાવાદની સ્ત્રી સૂબેદાર.'

આમ, બાદશાહ જહાંગીર દ્વારા અમદાવાદમાં પાણીના પ્રવાહ પેઠે ધન ખર્ચાતું હતું. આ સઘળું ધન તાત્કાલિક દિલ્હીથી ઓછું મંગાવી શકાય ? શેઠ શાંતિદાસ બાદશાહ જહાંગીરને ધન ધીરતા હતા.

શેઠ શાંતિદાસના મુનીમ જ જાણતા હતા : 'બાદશાહ જહાંગીરને કુલ પચાસ લાખ રૂપિયા ધીરવામાં આવ્યા

હતા. કાળુપુર ટંકશાળમાં સોનાના સિક્કા પડાવવા એક સો મણ સોનું ધીરવામાં આવ્યું હતું!'

દિલ્હીના બાદશાહને પણ નાણાં ધીરનાર શેઠ શાંતિદાસની સંપત્તિ વિશે કોઈ કલ્પના કરી શકતું ન હતું.

હા, એક પ્રસંગ કેમે ભૂલી શકાય એવો નથી. એક વાર જહાંગીરે પોતાના દરબારીઓને પોતાની કિંમત કરવા કહ્યું.

બાદશાહની કઈ રીતે કિંમત અંકાય? બધા ગભરાયા.

એવામાં શાંતિદાસ શેઠ આવી પહોંચ્યા. તેમણે હાથમાં ઝવેરાત તોળવાનો કાંટો લીધો. કાંટામા બંને બાજુએ ઝવેરાત અને રતી મૂકી. તેમણે કહ્યું :

'કિંમત થઈ ગઈ.'

નવાઈ પામતો જહાંગીર બોલ્યો, 'કઈ રીતે, મામા?'

શાંતિદાસે કહ્યું : 'જુઓ ને, આમ તો આપણે બધાં માણસો સરખાં છીએ. પણ ઈશ્વરે આપનામાં એક રતી ભાગ્ય વધારે મૂક્યું, એટલે આપ બાદશાહ બન્યા. અમને ઈશ્વરે એ રતી ન આપી એટલે આવા રહ્યા. એટલે આપની કિંમત એક રતી, જહાંપનાહ!'

જહાંગીર એ સાંભળતાં હસી પડ્યો. શાંતિદાસની ચતુરાઈ ઉપર એ ખુશ થયો અને પહેલાં કરતાં પણ તેમને વધુ માન આપવા લાગ્યો.

# [૯]

દિલ્હીમાં બાદશાહનો કિલ્લો.

આલીશાન કિલ્લામાં ભવ્ય દરબાર, વિદ્વાન અને મુત્સદ્દી વઝીરો દરબારમાં પોતપોતાના સ્થાને બેઠા છે. ફોજના શૂરવીર સેનાપતિઓ દરબારમાં હાજર છે. પ્રતિષ્ઠિત અમીરો ગૌરવ સાથે બેઠા છે. દિલ્હી, આગ્રા, લાહોર અને હિન્દુસ્તાનનાં અન્ય શહેરોમાંથી આવેલા પ્રતિષ્ઠિત પુરુષોને પણ દરબારમાં સન્માનિત સ્થાને બેસાડવામાં આવ્યા છે, તેમાં કોઈ કવિઓ છે, કોઈ ઈતિહાસ-લેખકો છે તો કોઈ કલાકારો પણ છે. જેમની ખેતી મોટી અને જેઓ ખૂબ પાકનું ઉત્પાદન કરે છે એવા ખેડૂતો, મોટો વેપાર છે એવા તથા જેમને મોટો ઉદ્યોગ છે એવા ધનપતિઓ પણ ત્યાં ઉપસ્થિત છે.

આ દરબારમાં બીજાં બધાં કાર્યો પૂરાં થઈ ગયા પછી એક વઝીર ઊભા થયા. તેમણે પ્રથમ બાદશાહ જહાંગીરને વિવેક સાથે કુરનિસ કરી. પછી તેમણે કહેવા માંડ્યું :

'જહાંપનાહ જહાંગીર એક વિશાળ નગર તરીકે પાટનગર દિલ્હીને ગૌરવ આપે છે. એક સુંદર નગર તરીકે બાદશાહ આગ્રાનો આદર કરે છે. આ બંને નગરો જેવું જ ભવ્ય અને રમ્ય નગર છે અમદાવાદ,

અને નગર અમદાવાદમાં ગૌરવ સમા છે શેઠ શાંતિદાસ. શેઠ શાંતિદાસ અમદાવાદના એક પ્રામાણિક શ્રેષ્ઠી છે. પ્રામાણિક પુરુષાર્થ કરીને તેમણે અઢળક ધન પ્રાપ્ત કર્યું છે, અને પરોપકારી કાર્યો માટે તેમણે પાર વિનાનું ધન વાપર્યું છે. દિલ્હીના શાહી કુટુંબ પ્રત્યે તેમને વફાદારી છે, અને તેમણે શાહી કુટુમ્બની સ્નેહભરી સેવાઓ કરી છે. શહેર અમદાવાદના નગરશેઠનો ખિતાબ તેમને આપવામાં આવે છે...!'

જ્યાં શાંતિદાસ બેઠા હતા ત્યાં તેઓ ઊભા થયા. બે છડીદારો શેઠ પાસે ગયા. શેઠની બંને બાજુએ તેઓ ઊભા રહ્યા. વઝીર પોતે શેઠ પાસે ગયા અને તેઓ તેમને સન્માનપૂર્વક જહાંપનાહ જહાંગીર પાસે લઈ ગયા.

શેઠ શાંતિદાસે જહાંપનાહને વંદના કરી.

સિંહાસન પાસે એક રાજસેવક ઊભો હતો. ભભકાભર્યા શાહી પોશાકમાં તે સજ્જ હતો. તેણે હાથમાં તાટ માફક ઢાલ પકડી હતી. ઢાલ પર રેશમી રૂમાલ પાથર્યો હતો. અને ઢાલ પર કોતરણીવાળી રૂપાની સુંદર ભૂંગળી હતી. ભૂંગળીમાં અમદાવાદના નગરશઠ તરીકેના ખિતાબનો ખત હતો. જહાંપનાહ જહાંગીરે એ ખત શેઠ શાંતિદાસને વિધિસર આપ્યો.

ત્યારે રાજખંડની સામે ઊંચે આવેલી અટારીમાં બેઠેલાં બેગમ સાહેબા નૂરજહાંના મુખ પર પ્રસન્નતાનું સ્મિત રમી રહ્યું હતું.

ઈતિહાસના પાને માત્ર રાજા-મહારાજાઓની કથા જ લખવામાં આવે? કવિઓ, કલાકારો, કસબીઓ, સાહસિકો, હુન્નર ચલાવનારા ઉદ્યોગપતિઓ અને વેપારીઓનાં નામ પણ ઈતિહાસને પાને સુવર્ણ અક્ષરે અંકાય છે. આવું સુવર્ણ અક્ષરે લખાયું છે નામ શાંતિદાસ નગરશેઠનું.

✷

સમયનાં વહેણ વહેતાં જ રહે છે.

ઈતિહાસના પાને કેટલીક નોંધો એ પ્રસંગોનું સ્મરણ આપે છે.

જહાંપનાહ જહાંગીરે અમદાવાદમાં સૂબા તરીકે શાહજાદા શાહજહાંની નિમણૂક કરી હતી. ત્યારે બેગમ મુમતાજ પણ અમદાવાદમાં જ રહે. શાહીબાગમાં બંધાવેલા પેલા આલીશાન મહેલમાં રહે. આ એ જ મહેલ, અંગ્રેજોના અમલ દરમ્યાન ત્યાં કમિશ્નરો રહે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરના મોટા ભાઈ વિજેન્દ્રનાથ કમિશ્નર તરીકે આ મહેલમાં રહ્યા હતા. એ પ્રસંગે પોતાના ભાઈના મહેમાન તરીકે કવિવર રવીન્દ્રનાથ અમદાવાદ પધારેલા અને એ મહેલમાં રહ્યા હતા. એ મહેલમાં કવિને રાત્રે નિદ્રા ન આવી. તેમણે ત્યારે એક વાર્તા લખી. વાર્તાનું મથાળું. 'બોલતો પથ્થર.' આવું છે એ મહેલ વિશેનું એક સ્મરણ. પછી તો ગુજરાત રાજ્યની રચના થતાં એ મહેલ ગુજરાતના રાજ્યપાલો માટેનું

રાજભવન બન્યું. ગાંધીનગરમાં નવું રાજભવન રચાયું ત્યાં સુધી સઘળા રાજ્યપાલો અહીં રહ્યા હતા.

હા, શાહજાદા શાહજહાં અમદાવાદમાં સૂબા તરીકે રહે, શાહજહાંએ પોતાની યુવાનીનો શાહજાદા તરીકેનો ઉત્તમ સમય અમદાવાદમાં જ ગાળ્યો. શાહીબાગમાં તે રહે. અમદાવાદના શાહી સરદાર અસફખાનની પુત્રી પ્રસિદ્ધ અર્જુમંદબાનુ-મુમતાઝ મહાલ બેગમ એની સાથે જ અહીં રહેતી હતી. એને તો એ સમયે સાસરું અને પિયર બંને અમદાવાદમાં જ હતાં. સને ૧૮૧૮માં જાન્યુઆરીના આરંભમાં શાહજહાંએ અમદાવાદ છોડ્યું, તેઓ સહકુટુંબ આગ્રા જઈ રહ્યા હતા. રસ્તામાં દાહોદ મુકામે રસાલાને રોકાઈ જવું પડ્યું. અહીં ઑક્ટોબરની ૨૪મી તારીખે મુમતાઝ મહાલે ઔરંગઝેબને જન્મ આપ્યો. આમ, મોગલાઈનો સર્વથી મોટો અને સર્વથી ચુસ્ત સમ્રાટ આ દુનિયાનું તેજ જોતાં પહેલાંના નવ માસના સમય સુધી અમદાવાદના વાતાવરણમાં રહેલો. એ બાદશાહનો સંગીત વગેરે કલાઓનો વિરોધ, કરકસર, વગેરે કેટલીક ટેવો અમદાવાદી સ્વભાવની અસરને તો આભારી નહિ હોય?

શેઠ શાંતિદાસના વંશજો આજ પણ અમદાવાદમાં નગરશેઠ તરીકે ઓળખાય છે. આજે અમદાવાદમાં કલેક્ટરની કચેરીને અડોઅડ જે સ્થાન 'નગરશેઠનો વરંડો' તરીકે ઓળખાય છે ત્યાં શાંતિદાસનો ભવ્ય

પ્રાસાદ હતો. અઢળક ધન એમણે અને એમના વારસોએ ભેગું કર્યું હતું. શાહજહાંનો દીકરો મુરાદ એક વાર ભીડમાં આવી ગયો, ત્યારે તેણે શાંતિદાસના દીકરા લક્ષ્મીચંદ પાસેથી સાડાપાંચ લાખ રૂપિયા ઉછીના લીધા હતા. શાંતિદાસના વારસોમાં ઘણા પુરુષો થઈ ગયા. તેમાં હેમાભાઈ અગર હિમાભાઈ શેઠ અને તેમના દીકરા પ્રેમાભાઈ શેઠનાં નામ જાણીતાં છે. હિમાભાઈ શેઠે સારાં દાન કર્યાં હતાં, વિદ્યાને ખૂબ ઉત્તેજન આપ્યું હતું. અમદાવાદમાં એમના નામ ઉપરથી ચાલતું હિમાભાઈ ઈન્સ્ટિટ્યૂટ જાણીતું છે. એમના દીકરા પ્રેમાભાઈને તો આજે અમદાવાદના પ્રેમાભાઈ હોલ ઉપરથી સહુ કોઈ ઓળખે છે. અમદાવાદ મધ્યે આવેલો 'પ્રેમ દરવાજો' પણ તેમની ખ્યાતિની શાખ પૂરે છે.

ધરતીમાં ઊંડાં મૂળ નાખેલ ઘટાદાર વૃક્ષ કાળના વંટોળમાં ઊખડી પડે, પરંતુ સત્કર્મ દ્વારા મેળવેલું નામ કદી ભૂંસાતું નથી.

□

# ગુજરાત ઈતિહાસકથામાળા

[ગુજરાતની ગૌરવભરી પ્રતિભાઓ વિશે કથા નિરૂપતી
૧૨ પુસ્તિકાઓ]

લેખક
**કનૈયાલાલ જોશી**

૧. કુમાર વિજય
૨. વનરાજ ચાવડો
૩. લાછી છીપણ
૪. મીનળદેવી
૫. વસ્તુપાળ તેજપાળ
૬. સુંદર સોદાગર
૭. કંથડી મહારાજ
૮. કુમાર મૂળરાજ
૯. કુમારપાળ
૧૦. હેમચંદ્રાચાર્ય
૧૧. દયાનંદ સરસ્વતી
૧૨. શાંતિદાસ નગરશેઠ

પ્રકાશક :
**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૧

## ગુજરાત ઇતિહાસ કથામાળા

કુમાર વિજય

વનરાજ ચાવડો

કંથડી મહારાજ

કુમાર મૂળરાજ

લાછી છીપણ

મીનળદેવી

કુમારપાળ

હેમચંદ્રાચાર્ય

વસ્તુપાળ-તેજપાળ

સુંદર સોદાગર

દયાનંદ સરસ્વતી

nman
th.org